### સ્વદેશ ગમન બાદ નાના ચેખલાના છાત્રની આપવીતી

# માઈનસ વાતાવરણમાં ૧૮ કલાક લાઈનમાં ઉભા રહ્યા ત્યારે પોલેન્ડ પહોંચ્યા

## બોર્ડર રવાના થઈએ એ પહેલાં એરસ્ટ્રાઈકે ડરાવી મૂક્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

જીવન-મરણના સવાલ વચ્ચે છાત્રાએ માઈનસ વાતાવરણમાં ૧૮ કલાક લાઈનમાં ઉભો રહ્યો ત્યારે પોલેન્ડ પહોંચવામાં સફળ રહ્યાની આપવીતી વર્ણવી છે. રવાના થઈએ એ પહેલાં એર સ્ટ્રાઈકે સૌ છાત્રોને ડરાવી દીધા હતા. છાત્રોને પોલેન્ડ સરહદ તરફ જવા સૂચના અપાઈ પરંતુ હવાઈ હુમલા અને ૬૦ કી.મી. લાંબો ટ્રાફીક જામમાં લાખોની સંખ્યામાં અન્ય શરણાર્થીઓ પણ બોર્ડરે એકત્ર થતાં એક તબક્કે અંધાધૂંધીનો માહોલ ઉભો થયાનું ભાવિન કાલીદાસ પટેલે જણાવ્યું છે. જો કે અનેક મુશ્કેલીઓ સહન કરીને હુમલાના ભયથી પોલેન્ડ બોર્ડર ઉપર તાપણું પણ સળગા દેવામાં આવતું ન હતું. જ્યારે અસંખ્ય વિદ્યાર્થીઓ તો પહેરેલ કપડે બચવા માટે નિકળી ગયા હોવાથી તેમની પરિસ્થિતિ અત્યંત દયાજનક બની હતી. યુક્રેનમાં ફસાયેલા વિદ્યાર્થીઓને પરત લાવવાના પ્રયાસો વચ્ચે બી.એ.પી.એસ.ના કાર્યકર્તાઓ તેમજ ભારતીય એમ્બેસીની મોટી મદદ છાત્રોને મળી રહી હતી. ગુજરાતના અંદાજીત ૫૦૦ છાત્રો ત્યાં ફસાયેલા હોવાથી સુરતના ડર પ્લસ ગૃપ દ્વારા મેડીકલમાં અભ્યાસ કરતા તમામ છાત્રો હેમખેમ વતન આવે તે માટે હોટલમાં ખસેડવામાં આવ્યા. આ દરમ્યાન નાનાચેખલાના છાત્રની બેગ પણ ચોરાઈ ગઈ હતી. અન્ય છાત્રોની મદદથી પરિવાર સાથે સંપર્ક શક્ય બન્યો હતો. ગત



તા.૨૪ ફેબ્રુઆરીની રાત્રિના ૧૧ કલાકે યુક્રેનની નેશનલ મેડીકલ કોલેજમાંથી છાત્રો રવાના થયા બાદ મુશ્કેલ સ્થિતિ ઉભી થઈ જેમાં છાત્રોને બોર્ડર સુધી પહોંચાડવા માટે લક્ઝરી બસની વ્યવસ્થા થઈ પરંતુ આ દરમ્યાન એર સ્ટ્રાઈક થવાથી તમામ લક્ઝરી બસ યુક્રેન નાગરિકોની સેવા માટે મોકલી દેવામાં આવતાં થોડીક ક્ષણ માટે તો હવે શું?? તેવો સવાલ ઉભો થયો પરંતુ પાછળથી બસ દ્વારા છાત્રોને રવાના કરવામાં આવ્યા પરંતુ ટ્રાફીક જામના કારણે ૬૦ કી.મી. ચાલીને પોલેન્ડ સરહદ સુધી પહોંચવું પડ્યું. હજારોની સંખ્યામાં બોર્ડર ઉપર છાત્રો અને અન્ય વિદેશી નાગરિકો એકત્ર થઈ જતાં અંધાધૂંધીનો માહોલ ઉભો થયો જેમાં યુક્રેની સૈનિકોની પણ મનમાની જોવા મળી જેમાં કેટલાક વિદ્યાર્થીઓને સૈનિકોએ ગન પોઈન્ટ ઉપર રાખ્યાની વિગતો છે. હવાઈ હુમલા અને યુદ્ધની ભયાનક હકીકતો રોજે રોજ જાણવા મળતી હોવાથી એક તબક્કે જીવ બચશે કે કેમ?? તે અંગે ચિંતા સતાવતી હતી પરંતુ આખરે ઓપરેશન ગંગા રંગ લાવ્યું જેમાં ભારતીય એમ્બેસી તેમજ ડકટર પ્લસ ગૃપના પ્રયત્નોથી નાના ચેખલાના છાત્ર સહિત અન્ય છાત્રો સ્વદેશ ફરવામાં સફળ રહેતાં ઈશ્વરનો પાર માનવાની સાથે સરકારનો પણ આભાર માન્યો છે.

### સેહની મેકા બોર્ડર ૨૦ લાખ શરણાર્થીઓ

પોલેન્ડર સરહદેથી અનેક મુશ્કેલીઓ સહન કર્યા પછી તલોદ તાલુકાના નાનાચેખલા ગામનો છાત્ર પરત ફરતાં પરિવારમાં ખુશીનો માહોલ છે. છાત્રોના જણાવ્યા અનુસાર યુદ્ધની વિકટ સ્થિતિમાં સેહની મેદુકા બોર્ડર પાસે ટ્રાફીક જામ થવાની સાથે ૨૦ લાખથી પણ વધુ શરણાર્થીઓ પગપાળા પહોંચ્યા હોવાથી સ્થિતિ વધુ સ્ફોટક બની છે.

### ભારતીય એમ્બેસીની સરાહનીય કામગીરી

યુદ્ધની ભયાનક પરિસ્થિતિ વચ્ચે ઓપરેશન ગંગા રંગ લાવી રહ્યું છે. ભારત સરકારના પ્રયત્નોથી હજારી છાત્રોને સુરક્ષિત વતન લાવવામાં સફળતા મળી છે. નાનાચેખલાના છાત્રએ વતન આવી જણાવ્યું કે હવાઈ હુમલાઓ વચ્ચે પણ ભારતીય એમ્બેસીની સરાહનીય કામગીરી છે જેમાં પોલેન્ડની હોટલમાં તમામ પ્રકારની સગવડ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓના પાસપોર્ટને લગતી કામગીરી પૂર્ણ થયા પછી ખાસ વિમાન દ્વારા દિલ્હી અને ત્યારબાદ તેમને સુરક્ષિત ઘર સુધી પહોંચાડવાની નિશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી હતી. જો કે કેટલાક વિદ્યાર્થીઓ દિલ્હી પહોંચ્યા પછી સ્વખર્ચ જ વિમાન દ્વારા અમદાવાદ એરપોર્ટ પર પહોંચ્યાનું જણાવ્યું હતું.

છાત્રો પરત ફરતાં પરિવારે સરકારનો આભાર માન્યો છે. માઈનસ ૧૮ ડિગ્રી તાપમાનમાં ઉભી થયેલી પરિસ્થિતિ વચ્ચે વતન ક્યારે પહોંચાશે તેની સતાવતી ચિંતા વચ્ચે છાત્રએ આંખે દેખ્યો અહેવાલ વર્ણવ્યો જેમાં હાથ-પગ કામ કરતા બંધ કરી દે, શરીરમાં દોડતું લોહી જામી જાય તેવી કાતિલ ઠંડીમાં વતન વાપસી માટે સમય પસાર કરવો અત્યંત મુશ્કેલ બની ગયો હતો. સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યા હોવાની વિગતો છાત્રોએ જણાવી છે. ચેકપોસ્ટ ઉપર સેલ્ટ હાઉસ ઉભું કરવામાં આવ્યું હતું જેમાં છાત્રાઓ માટે જ વ્યવસ્થા કરવામાં આવી હોવા છતાં અન્ય વિદ્યાર્થીઓને ત્યાં રાખવામાં આવ્યા હતા. ઈમીગ્રેશન જરૂરી હોવાથી યુક્રેન છોડવાની સાથે પોલેન્ડ પ્રવાસ અંગે પણ પાસપોર્ટમાં જરૂરી દસ્તાવેજો અને સહી સિક્કાની પૂર્તિ પછી જ પોલેન્ડની

# પ્રાંતિજમાં શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરમાં નંદી પાણી પીતા ધર્મપ્રેમી લોકોની પડાપડી

## બાળકો, વૃદ્ધો સહિત નંદીને પાણી પીવડાવવા માટે ઉમટી પડયા : શ્રધ્ધા કે અંધ શ્રધ્ધા પણ નંદીજીએ પાણી પીધું





પ્રાંતિજ તા. ૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર મા નંદીજી પાણી પીતા હોવાની વાત ને લઈ ને તપોધન ફળી ખાતે આવેલ મંદિર મા તપોધન ફડી મા રહેતા રહીશો સહિત પ્રાંતિજ માંથી ધર્મપ્રેમી લોકો ના ટોળેટોળા ઉમટી પડયા હતા અને મંદિર મા રહેલ નંદી ને પાણી પીવડાવતા નજરે પડયા હતા. પ્રાંતિજ ખાતે આવેલ શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે આવેલ નંદીજી જળ ગ્રહણ કરતા હોવાની વાત સાજના સમયે વહેતી થતા પ્રાંતિજ તપોધન ધર્મપ્રેમી લોકોના ટોળેટોળા શિવ મંદિર ખાતે ઉમટી પડયા હતા



ફડી ખાતે રહેતા રહીશો સહિત આજુબાજુના વિસ્તારો માથી અને મંદિર મા રહેલ નંદીજી ને પાણી પીવડાવતા નજરે પડયા હતા ત્યારે મંદિર ખાતે દોડી આવેલ બાળકો, મહિલાઓ,વુધ્ધો સહિત ધમપ્રેમી લોકો દ્વારા નંદીજીને ચમચી વડે પાણી પીવડાવતા પાણી પીતા ઉમટી પડેલ લોકો મા ખુશી સાથે આનંદ જોવા મલ્યો હતો ત્યારે હાલતો શ્રધ્ધા કે અંધ શ્રધ્ધા પણ મંદિર મા રહેલ નંદીજી પાણી ગ્રહણ કરતા હોવાની વાત ને લઈ ને ઉમટી પડેલ ધર્મપ્રેમી લોકો દ્વારા નંદીજી ને પાણી પીવડાવી નંદીજી પાણી પીતા ઉમટી પડેલ ધર્મ પ્રેમી લોકોએ ધન્યતા અનુભવી હતી.

# LCB એ શામળાજી નજીક ઝાડી-ઝાંખરામાં સંતાડેલ ચોરીની ૬ બાઈક સાથે એકને ઝડપ્યો

## ટાઉન પોલીસે એક બાઇકચોરને દબોચ્યો

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં બાઈક ચોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલ પેદા થયા હતા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે બાઈક ચોરીના ગુન્હાને ડામવા જિલ્લા પોલીસતંત્રને શખ્ત કાર્યવાહી કરવાના આદેશ આપતા જીલ્લા એલસીબી પોલીસે બાતમીના આધારે શામળાજી નજીક રામેળા ગામની સીમમાં આવેલ સ્મશાનની બાજુમાં આવેલ ઝાડી-ઝાંખરામાં ચોરી કરી સંતાડી રાખેલ ૬ બાઈક સાથે એક રાજસ્થાની બાઈક ચોરને દબોચી લીધો હતો મોડાસા ટાઉન પોલીસે હજીરા વિસ્તારમાંથી બાઈક ચોરી કરનાર બાઈક ચોરને ચોરેલ બાઈક સાથે મેઘરજના રાંજેડી ગામથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશન





વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધરાતા પીઆઈ વાઘેલાને રાજસ્થાનના બે બાઈક ચોર બાઈક ચોરી કરી રામેળા ગામ નજીક આવેલા સ્મશાનની પાસે ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખી હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ તાબડતોડ બાતમી આધારીત સ્થળે રેડ કરી ચોરી કરી સંતાડી રાખેલ ૬ બાઈક સાથે મહીપાલ દેવીલાલ ભગોરા (રહે,માલમાથા કવલા ફલા,વીંછીવાડા-રાજસ્થાન) ને દબોચી લઈ ૨.૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી મહીપાલ ભગોરાને જેલના સળિયા પાછળ ધકેલી દઈ મહિપાલ સાથે બાઈક ચોરીના ગુન્હાને અંજામ આપતા રાજસ્થાનના નીતિન થાવરચંદ ખડા નામના બાઈક ચોરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા એલસીબી પોલીસે ચોરીના ૬ બાઈક સાથે બાઈક ચોરને શામળાજી પોલીસને સુપ્રત કર્યો હતો. મોડાસા ટાઉન પીઆઈ નીતિમીકા ગોહિલના માર્ગદર્શન હેઠળ હજીરા વિસ્તારમાંથી બાઈક ચોરી કરી ફરાર થઇ ગયેલા મેઘરજના રાંજેડી ગામના બાઈક ચોરને જીગ્નેશ રમણભાઈ પાંડોરને તેના ઘરેથી ટાઉન પોલીસે ઝડપી પાડી ૧૫ હજારની બાઈક રીકવર કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો ટાઉન પોલીસે ગણતરીના દિવસોમાં બાઈક ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

### ચેઈન સ્નેચરોનો ઉપદ્રવ વધતા મહિલાઓ ભયભીત

# ભિલોડા શાકભાજી માર્કેટમાં લીલછા ગામની મહિલાના ગળામાંથી અજાણ્યા ચેઈન સ્નેચરો દ્વારા સોનાની ચેઈન ખેંચાઈ

## ૪૫,૦૦૦ રુપિયાની સોનાની ચેઈન પલભરમાં ચોરાઈ

ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ચેઈન સ્નેચરોનો ઉપદ્રવ વધતા દિન પ્રતિ દિન વધતા મહિલાઓ ભયભીત જોવા મળે છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે હાર્દસમા મેઈન બજાર વિસ્તારમાં આવેલ એસ.ટી.બસ સ્ટેશન સામે મઉં ચાર રસ્તા પાસે શાકભાજી માર્કેટમાં શાકભાજી ખરીદવા આવેલ લીલછા ગામની મહિલાના ગળામાંથી એક તોલાની સોનાની ચેઈન ખેંચીને અજાણ્યા ચેઈન સ્નેચરોનો પલભરમાં પલાયન થઈ ગયા હતા.મહિલાએ બુમરાણ મચાવી દેતા ઘટના સ્થળ પર લોકોના ના ટોળા ભેગા થઈ ગયા હતા પરંતુ ચેઈન સ્નેચરોનો પલભરમાં પલાયન થઈ ગયા હતા.પોલીસ પેટ્રોલિંગ વધારવાની તાતી જરૂરિયાત છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. બિનાકુમારીએ જણાવ્યું હતું કે , લીલછા ગામના પ્રિયંકાબેન અશોકભાઈ પંડ્યા ગત રોજ ભિલોડા ખાતે શાકભાજી માર્કેટમાં શાકભાજીની ખરીદી અર્થે આવ્યા હતા તે દરમ્યાન અજાણ્યા ચેઈન સ્નેચરોએ મહિલાના ગળામાંથી સોનાની ગોળ ગુંથણવાળી અને અંદર વ્હાઈટ ગોલ્ડ ડિઝાઈન અને ગણપતિ બાપા ના પેન્ડલ વાળી સોનાની ચેઈન જેની અંદાજીત કિંમત રૂપિયા. ૪૫,૦૦૦=૦૦ ની ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. ભિલોડા પોલીસ સ્ટેશનમાં લીલછા ગામની મહિલાએ ચેઈન સ્નેચિંગ સંદર્ભે ફરીયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચેઈન સ્નેચરો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# બનાસકાંઠામાં ખેડુતોના પ્રશ્નો મામલે કિસાન કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર અપાયું

પાલનપુર તા.૬

બનાસકાંઠા જિલ્લાના ખેડૂત લક્ષી વિવિધ પ્રશ્નોને લઈ ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસ દ્વારા પાલનપુર ખાતે જિલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતી જેમાં કિસાનો નો પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાની ઉગ્ર માંગ કરાઈ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસના અધ્યક્ષ પાલભાઈ આંબલિયાની આગેવાની હેઠળ પાલનપુર ખાતે જિલ્લાના ખેડૂતોના પડતર પ્રશ્નો મામલે જિલ્લા કલેકટર ને આવેદનપત્ર પાઠવાયું હતું.



જેમાં જિલ્લામાં ભૂગર્ભ સ્તર એક હજારે પહોંચ્યા હોઈ પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા જમીન માપણીમાં ગોટાળા દુર કરવા ઝડપી રિસર્વે કરવો ખેડૂતો ને હેકટર દીઠ સહાય આપવી, જિલ્લાના પાંચ તાલુકા એવા છે કે જ્યાં સિઝનનો ૪૦ ટકા પણ વરસાદ નોંધાયો નથી તેવા તાલુકા ને દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરવા અને દાંતા અમીરગઢ તાલુકા ના જંગલ વિસ્તારમાં જે વનવાસી લોકોને જમીનની સનદો તો અપાઈ છે પણ જમીન ઠેકાણા ન હોય આ લોકોને જમીનનો કબ્જો આપવા ની ઉગ્ર માંગ કરાઈ હતી.

# મોડાસાની સરસ્વતી બાલ મંદિરના મંડળના પ્રમુખ તરીકે નિલેશ જોશીની વરણી

## સતત ૫માં વર્ષે બિનહરીફ બન્યા



મોડાસા, તા.૬

અરવલ્લી જિલ્લામાં છેલ્લા સાત દાયકાથી પાયાનું શિક્ષણ આપતી સંસ્થા શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ શ્રી વી.એસ.શાહ પ્રાથમિક શાળા ની વાર્ષિક સાધારણ સભા રવિવારે મંડળ પ્રમુખ નિલેશ જોશીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી જેમાં સતત ૫ માં વર્ષે મંડળના સદસ્યોએ સામાજીક કાર્યકર અને જીવદયા પ્રેમી નિલેશભાઈ જોશી ની વરણી કરવામાં આવી હતી સાધારણ સભામાં કોરોના દરમિયાન શૈક્ષણિક સંસ્થા ને પડેલી તકલીફ અને હવે કેવી રીતે સંસ્થાની પ્રગતિ વધુ વેગવંતી બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી સાધારણ સભામાં પંકજ બુટાલા,નાનાભાઈ પ્રજાપતિ, વિનોદ પટેલ, અલ્પેશ ગાંધી મોટી સંખ્યામાં સભ્યો હાજર રહ્યા હતા સાધારણ સભાનું સંચાલન મંત્રી મુકુંદ શાહએ કર્યુ હતું

# જિલ્લામાં હોળી-ધુળેટીનું પર્વ લોહીયાળ બનવાની દહેશત

## આદિવાસી વિસ્તારોમાં વેરની વસુલાતના બે દિવસ ભારે..!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળી-ધુળેટીના તહેવારોમાં સામાન્ય બોલાચાલીના બનાવ નોંધાતા હોય છે પરંતુ આદિવાસી વિસ્તારોમાં તો વર્ષોથી આ તહેવારો દરમ્યાન લોહીયાળ ધિંગાણાં નોંધાતાં આવ્યાં છે જેથી હોળી-ધુળેટીનું પર્વ લોહીયાળ બનવાની દહેશત વ્યક્ત થઈ રહી છે. આ દિવસે સમાજમાં વેર વાળવાના આ બે મહત્વના દિવસોમાં કોઈને કોઈ રીતે ઘર્ષણના બનાવ નોંધાતા આવ્યા છે ત્યારે પોલીસ આદિવાસી વિસ્તારોમાં શાંતિપૂર્ણ રીતે બંન્ને પર્વની ઉજવણી થાય તે માટે પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ગોઠવે તે જરૂરી છે. અન્યથા ભૂતકાળના વર્ષોમાં રંગના બદલે લોહીથી હોળી-ધુળેટીનું પર્વ રંગાયાના બનાવ પણ આજે તાજા છે.

ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં હોળીનું એક આગવું મહત્વ છે તેમાંય આદિવાસી પરિવારો માટે હોળી અન્ય તહેવારો કરતાં પણ વધુ મહત્વનું પર્વ હોવાથી હોળીના આગમનને એક સપ્તાહ પૂર્વે આદિવાસી વિસ્તારોમાં હોળીને વધાવવા માટે બુગીયા ઢોલ વાગવાની શરૂઆત થઈ જતી હોય છે. આદિવાસી મહિલાઓ પરંપરાગત ભાષામાં હોળીના ગીતો ગાઈ ઉત્સાહ મનાવતી હોય છે પરંતુ તે બધાથી પર વેરની પણ વસુલાત આ દિવસોમાં અચૂક હોલિકાની જવાળાની જેમ પ્રગટ થઈ જતી હોવાથી કોઈને કોઈ વિસ્તારોમાં સશસ્ત્ર ધિંગાણાં સર્જાઈ જતાં હોય છે. ભૂતકાળમાં વિજયનગર, ખેડબ્રહ્મા, પોશીના, લાંબડીયા, ખેરોજ સહિતના વિસ્તારોમાં હોળી-ધૂળેટીના તહેવારો લોહીયાળ બનેલા છે ત્યારે આ વર્ષે પણ ઉપરોક્ત વિસ્તારોમાં પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ઉભો નહીં કરાય તો કેટલાયને માથાં લોહીથી લથપથ થઈ જવાની ભીતી અંદરખાને વ્યક્ત થઈ રહી છે. આદિવાસી પરંપરામાં વેરની વસુલાત માટે તહેવારો ઉપર જ પસંદગી ઉતારાતી હોય છે અને ગામમાં ગુનાને અંજામ આપી નાસી ગયેલો કોઈપણ ઈસમ તહેવાર ઉપર તો અચૂક ઘેર આવતો હોય છે જેથી સામેનો પક્ષ તેની તાકમાં જ બેઠો હોય છે અને જેઓ ગુનો કરનાર શખ્સ હોલિકા દહન સ્થળ કે અન્ય જાહેર સ્થળે દેખાય કે તરત જ હથિયારો લઈ તૂટી પડતા હોવાથી વર્ષોથી હોળી-ધૂળેટીનું પર્વ આદિવાસી વિસ્તારોમાં રક્તરંજીત થતું આવ્યું છે. જિલ્લામાં આ વર્ષે આદિવાસી વિસ્તારોમાં હત્યા, અપહરણ સહિત બળાત્કારની જઘન્ય ઘટનાઓ નોંધાયેલી છે તે જોતાં પોલીસ ચૂસ્ત બંદોબસ્ત ઉભો નહીં કરે તો હોળી-ધૂળેટીનું પર્વ આદિવાસી વિસ્તારો માટે લોહીયાળ બની જશે તેવું જણાઈ રહ્યું છે.

# ડીસાના માલગઢ ગામની પરિણીતાને સાસરિયા દ્વારા ત્રાસ આપતા ફરિયાદ

ડીસા, તા. ૬

ડીસા મા માલગઢ ગામ ની પરિણીતા ના પતિ સહિત સાસરિયા દ્વારા અવાર નવાર શારીરિક માનસિક ત્રાસ આપતા આ મામલે ત્રણ સંતાનો ની માતા એ ડીસા તાલુકા પોલીસ મથકે પતિ સાસુ,સસરા અને દિયર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ ફરિયાદ ની વિગત જોતા મૂળ ડીસા ના રિજમેન્ટ ની લક્ષ્મીબેન ના લગ્ન ૧૭ વર્ષ આગાઉ માલગઢ ના કૂંડાવાળી ઢાની ખાતે રહેતા રાજુભાઇ પરહલાદજી માલી સાથે સામાજિક રીત રિવાજ મુજબ થયા હતા જોકે ૧૭ વર્ષ ના લગ્ન જીવન દરમિયાન ત્રણ બાળકો નો પણ જન્મ થયેલો જોકે લક્ષ્મીબેન શરૂઆત ના ચારેક વર્ષ ના સમયગાળા દરમિયાન પતિ અને સાસરિયા સારી રીતે રાખ્યા બાદ ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું નાની નાની બાબતોમાં પતિ રાજુભાઇ દ્વારા આપ્યા બાદ લક્ષ્મી બેન ને તેમના પિયર ખાતે કાઢી મુકેલ અને આ બાબતની જાણ પરિવારજનો ને કરી હતી અને તેમની સમજાવટ થી મારુ પોતાનું ઘર ના બગડે તે માટે ફરી સાસરે આવી રહેવા લાગેલ જોકે થોડા દિવસ સારી રીતે રાખ્યા બાદ મારા સાસુ સસરા અને દિયર ની ચઢામની થી પતિ રાજુભાઇ દ્વારા ત્રાસ આપવાનું કરાયું હતું અને ગત તારીખ ૨૮/૨/૨૨ના રોજ રાત્રે અગિયાર વાગે પોતાના સાસરી માલગઢ પોતાના ઘેર હતા તે દરમિયાન તેમના પતિ રાજુભાઇ ઘરે આવેલા અને એકદમ ગાળો બોલવા લાગેલ અને ગડદા પાટુ નો માર મારી દીકરા અને દીકરી સાથે ઘર માંથી કાઢી મુકેલ અને જાનથી મારી નાખવાની ધમકી આપતા લક્ષ્મીબેન પોતાના પિયર રિજમેન્ટ ખાતે આવેલા અને સઘળી હકીકત પરિવરજનો ને જણાવેલી અને આ મામલે પોતાના ભાઈ સાથે જઇ ડીસા તાલુકા પોલીસ મથકે સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધવાતા પોલીસે લક્ષ્મીબેનની ફરિયાદ આધારે ડીસા તાલુકા પોલીસે પતિ ,રાજુભાઇ પરહલાદજી માળી સસરા પરહલાદજી ભોમાજી માળી, સાસુ લીલાબેન પરહલાદજી માળી અને દિયર દિનેસજી પરહલાદજી માળી તમામ રહે.માલગઢ કુંડાવાળી ઢાની વાળા વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



ચિરાગભાઈ હરિવદનભાઈ પટેલ
નવી શીનોલ
હાલ ગાંધીનગર



ડો. અર્પણ કમલેશભાઈ પટેલ
રડોદરા તા બાયડ



વેદાંત જીતેન્દ્રભાઈ પટેલ
શિવમ પાર્ક સોસાયટી,
બાયડ




અલ્પેશભાઈ રાઠોડ
પત્રકાર
મોડાસા જિલ્લો અરવલ્લી



મહેન્દ્રભાઈ પ્રભુદાસ સોની
આકરુન્દ તા. ધનસુરા



નિર્મલ શૈલેષ કુમાર પંડ્યા
માલપુર
(હાલ ગાંધીનગર )



શીતલબેન રાજુભાઇ પ્રજાપતિ
બાયડ ગામ જીલ્લો
અરવલ્લી

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧